# E-12. One day Farmers training on “કૃષિમાં યાંત્રીકીકરણ થકી આવક વધારવાના ઉપાયો”

કૃષિ ઈજનેરી અને ટેક્નોલોજી કોલેજ,આણંદ કૃષિ યુનિવર્સિટી ગોધરા હસ્તકના ઈસ્ટ્રક્શનલ ફાર્મ, કાંકણપુર ખાતે તા. ૧૧/૧૦/૨૦૧૭ ના રોજ “કૃષિમાં યાંત્રિકીકરણ થકી આવક વધારવાના ઉપાયો” વિષય ઉપર એક દિવસીય ખેડૂત તાલીમ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. સૌ પ્રથમ અત્રેની કોલેજના આચાર્ય અને ડિનશ્રી તેમજ વિભાગીય વડાશ્રીઓ તથા આમંત્રિત મહેમાનો દ્વારા દીપ પ્રાગટ્યથી કાર્યક્રમનો શુભારંભ કરીને “કૃષિમાં યાંત્રિકીકરણ થકી આવક વધારવાના ઉપાયો” આધારિત તાલીમ સંપુટનું ખેડુતોને વિતરણ કરવામાં આવ્યુંત્યારબાદ શ્રી કે.એલ.ડાભી, મદદનીશ પ્રાધ્યાપક અને ફાર્મ મેનેજરશ્રી તથા શ્રી આર.એસ.ગોધાણી, સીનીયર રીસર્ચ આસીસ્ટન્ટ દ્વારા કોલેજના આમંત્રિત અધિકારીગણ તથા આત્મામાંથી પધારેલ કર્મચારીગણ તથા ખેડુતોનું શાબ્દિક તેમજ પુષ્પગુચ્છથી સ્વાગત કરવામાં આવ્યું. કાર્યક્રમની શરૂઆતમાં ડૉ.આર.સ્વર્ણકાર,પ્રાધ્યાપક અને વડાશ્રીએ પોતાના પ્રાસંગિક ઉદભોદનમાં આમંત્રિત તમામને આવકારી ખેતીમાં “કૃષિમાં યાંત્રિકીકરણનું મહત્વ અને તેના ફાયદાઓ” વિષે પોતાની આગવી શૈલીમાં ખુબ સુંદર સમજ આપીત્યારબાદ અત્રેની કોલેજના આચાર્ય અને ડિનશ્રી દ્વારા વિષય અંતર્ગત કોલેજમાં કાર્યરત જુદા જુદા વિભાગો વિષે ઊંડાણપૂર્વક ચર્ચા કરી ખેતીમાં આવક વધારવા માટેના જુદા જુદા ઉપાયો વિશે સમજણ આપવામાં આવી. તેમજ શ્રી કે.એલ.ડાભી, મદદનીશ પ્રાધ્યાપક અને ફાર્મ મેનેજરશ્રી દ્વારા “જુદા જુદા પાકોની વાવણી માટે જમીન તૈયાર કરવા માટેનાં સાધનો તથા કાર્યપદ્ધતિ” અંતર્ગત કૃષિ યાંત્રિકીકરણ માટે વપરાતાં તમામ સાધનો વિષે ખુબ સરસ વક્તવ્ય આપવામાં આવ્યું. આ ઉપરોક્ત સર્વશ્રી ઈજ.આર.સી.સાલુંખે(મદદનીશ પ્રાધ્યાપક), હેતલ તન્ના(મદદનીશ પ્રાધ્યાપક), ઈજ.આર.એસ.ગોધાણી(સી.રી.આસી.) તથા ઈજ.વાય.સી.યોગાનંદી(સી.રી.આસી.) દ્વારા અનુક્રમે “જુદા જુદા પાકોની વાવણી કરવા માટેનાં આધુનિક સાધનો”, “કૃષિમાં ખેડૂતની આવક વધારવા માટે ખેડૂત મહિલાની ભૂમિકા અને ઉપાયો”, “આંતરખેડ(નીંદામણ)નું મહત્વ તથા તેના માટે વપરાતાં જુદાં જુદાં સાધનો” તથા “વિવિધ પાકો અને તેના અવશેષોના મૂલ્ય વર્ધનથી આવક વધારવાના ઉપાયો”વગેરે વિષયો આધારિત ખેડૂતોને માર્ગદર્શન આપવામાં આવ્યું આ તમામ વકતવ્યો પૂર્ણ થયા બાદ કાંકણપુર ફાર્મના જુદા જુદા બાગાયતી પાકોની ખેડૂતોને મુલાકાત કરાવી ચીલાચાલુ ખેતી પધ્ધતિની જગ્યાએ વધુ વળતર મેળવી શકાય તેવા કાજુ મોસંબી, ખારેક વગેરે પાકોના વાવેતર વિષે શ્રી કે.એલ.ડાભી તથા શ્રી આર.એસ.ગોધાણી દ્વારા વૈજ્ઞાનિક સમજ આપવામાં આવી. કાર્યક્રમના અંતમાં ડૉ.આર.સ્વર્ણકાર, પ્રાધ્યાપક અને વડાશ્રી, ફાર્મ મશીનરી અને પાવર ઈજનેરી વિભાગ દ્વારા ઉપસ્થિત તમામનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો.







